Paper Code – 3175

B R S Sem – I
July-Sep – 2021

Scanario of Gandhian Life - 1

કુલ સમય :– ૬૦ મીનીટ કુલ પ્રશ્નો : ૫૦ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫
નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

૧. કરમચંદ ગાંધી સમાજમાં કયા નામે ઓળખાતા હતા?
(અ) ઓતા ગાંધી (બ) કબા ગાંધી (ક) બાપુ (ડ) ઓતા બાપા

૨. મોહનદાસ ગાંધીનો જન્મ ક્યારે થયો હતો?
(અ) ઈ.સ. ૧૮૬૯ (બ) ઈ.સ. ૧૮૯૬ (ક) ઈ.સ. ૧૯૬૯ (ડ) ઈ.સ. ૧૮૬૮

૩. "જમણો હાથ તો પોરબંદરને દેવાઈ ચુક્યો છે - આ વાક્ય કોણ બોલે છે ?
(અ) લક્ષ્મીદાસ ગાંધી (બ) મોહનદાસ ગાંધી (ક) ઉત્તમચંદ ગાંધી (ડ) કરમચંદ ગાંધી

૪. કેળવણી ખાતાના ઇન્સ્પેકટર જાઈલ્સ સાહેબે કેટલા શબ્દો લખાવ્યા હતાં ?
(અ) પાંચ (બ) સાત (ક) છ (ડ) આઠ

૫. બાળપણમાં ગાંધીજીએ કયું નાટક જોયું હતું ?
(અ) સરસ્વતીચંદ્ર (બ) હરિશ્ચંદ્રનું આખ્યાન (ક) શ્રવણ પિતૃભક્ત નાટક (ડ) ગુજરાતનો જય

૬. મોહનદાસ ગાંધીને 'રામ' નામનો મંત્ર કોણે શિખવ્યો હતો ?
(અ) વિભાએ (બ) કસ્તુરબાએ (ક) રંભાએ (ડ) પુતળીબાઇએ

૭. મોહનદાસ ગાંધીના લગ્ન ક્યારે થયા હતાં ?
(અ) ૧૮૮૦ (બ) ૧૮૮૧ (ક) ૧૮૮૪ (ડ) ૧૮૮૨

૮. " અંગ્રેજો રાજ્ય કરે, દેશી રહે દબાઈ,
દેશી રહે દબાઈ, જોને બેના શરીર ભાઈ" –આ પંક્તિ કયા કવિની છે ?
(અ) નર્મદ (બ) નવલરામ (ક) ઉમાશંકર જોશી (ડ) ઝવેરચંદ મેઘાણી

૯. મોહનદાસ ગાંધી કયા મિત્રના સંપર્કમાં આવ્યા હતાં ?
(અ) આફતાબ (બ) શેખ મહેતાબ (ક) મહમદઅલી (ડ) મોહમદ યુસુફ

૧૦. . મોહનદાસ ગાંધીને કેટલા રૂપિયાનું દેવું થયું હતું ?
(અ) 30 (બ) ૨૦ (ક) ૨૫ (ડ) ૩૫

૧૧. ગુજરાતી ભાષામાં પ્રથમ આત્મકથા કોણે લખી હતી ?
(અ) રવિશંકર મહારાજ (બ) મહાત્મા ગાંધીજી (ક) નરસિંહ મહેતા (ડ) કવિ નર્મદ

૧૨. ગુજરાતી સાહિત્યની પ્રથમ આત્મકથા કઈ છે ?
(અ) સીધા ચઢાણ (બ) અડધે રસ્તે (ક) મારી હકીકત (ડ) સત્યના પ્રયોગો

૧૩. ' **My Aoto-biography**' શબ્દ પ્રયોગ સૌપ્રથમ કોણે કર્યો હતો ?
(અ) જ્હોન ડ્રાયડન (બ) જ્હોન રસ્કિન (ક) મેથ્યુ આર્નોલ્ડ (ડ) મહાત્મા ગાંધીજી

૧૪. મહાત્મા ગાંધીજીએ 'સત્યના પ્રયોગો' આત્મકથા ક્યારે લખી હતી ?
(અ) ૧૯૨૦ (બ) ૧૯૨૭ (ક) ૧૯૨૫ (ડ) ૧૯૩૦

૧૫. "રામનામ આજે મારે સારું અમોઘ શક્તિ છે" – આ વાક્ય કોણ બોલે છે ?
(અ) પુતળીબાઇ (બ) કરમચંદ ગાંધી (ક) મહાત્મા ગાંધીજી (ડ) લાધા મહારાજ

૧૬. લાધા મહારાજને કયો રોગ થયો હતો ?
(અ) ભગંદર (બ) કોઢ (ક) ક્ષય (ડ) કેન્સર

૧૭. ગાંધીજીના પિતાને કયો રોગ થયો હતો ?
(અ) ભગંદર (બ) કોઢ (ક) ક્ષય (ડ) કેન્સર

૧૮. મોહનદાસ ગાંધીએ મેટ્રીક્યુલેશનની પરિક્ષા ક્યારે પાસ કરી ?
(અ) ૧૮૮૭ (બ) ૧૮૮૮ (ક) ૧૮૮૨ (ડ) ૧૮૮૪

૧૯. મોહનદાસ ગાંધીએ કઈ હાઇસ્કુલમાં અભ્યાસ કર્યો હતો ?
(અ) આલ્ફ્રેડ (બ) ગામઠી શાળા (ક) શાંતિનિકેતન (ડ) સેન્ટ ઝેવિયર્સ

૨૦. ઉચ્ચ અભ્યાસ માટે મોહનદાસ ગાંધી કઈ કોલેજમાં દાખલ થયા ?
(અ) બહાઉદ્દીન કોલેજ (બ) શામળદાસ કોલેજ (ક) રાજકુમાર કોલેજ (ડ) લોકભારતી

૨૧.ગાંધીજીને વિલાયતમાં બેરિસ્ટરનો અભ્યાસ કરવાની સલાહ કોણે આપી હતી ?
(અ) લાધા મહારાજ (બ) બેચરદાસ સ્વામી (ક) માવજી દવે (ડ) લક્ષ્મીદાસ

૨૨. ગાંધીજીને માતા ત્રણ વ્રતોની પ્રતિજ્ઞા લેવડાવવા કોની પાસે લઈ ગયા ?
(અ) જૈન મુનિ (બ) બેચરદાસ સ્વામી (ક) લાધા મહારાજ (ડ) માવજી દવે

૨૩. બેરિસ્ટરનો અભ્યાસ કરવા ગાંધીજી વિલાયત ક્યારે ગયા ?
(અ) ૧૮૮૮ (બ) ૧૮૮૭ (ક) ૧૮૯૧ (ડ) ૧૮૯૩

૨૪. વિલાયતમાં ગાંધીજીએ અન્નાહારનું સૌપ્રથમ કયું પુસ્તક વાંચ્યું હતું ?
(અ) અન્નાહારી વીશી (બ) અન્નાહારની હિમાયત (ક) અન ટુ ધીસ લાસ્ટ (ડ) ડેલી ટેલિગ્રાફ
૨૫. મહાત્મા ગાંધીજી તત્વજ્ઞાનની દ્રષ્ટિએ કયા ગ્રંથને સર્વોત્તમ ગ્રંથ ગણે છે ?
(અ) મહાભારત (બ) રામાયણ (ક) રામચરિતમાનસ (ડ) ભગવદગીતા
૨૬. મહાત્મા ગાંધીજી તુલસીદાસના કયા ગ્રંથને ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણે છે ?
(અ) મહાભારત (બ) રામાયણ (ક) રામચરિતમાનસ (ડ) ભગવદગીતા
૨૭. હાલમાં ગાંધીજીના જન્મ દિવસને કયા નામથી ઉજવવામાં આવે ?
(અ) રેંટીયા બારસ (બ) વિશ્વ અહિંસા દિવસ (ક) ગાંધી મેળો (ડ) સર્વોદય મેળો
૨૮. ગાંધીજીના કેટલા પુત્રો હતાં ?
(અ) ૪ (બ) ૨ (ક) ૫ (ડ) ૩
૨૯. “ગુણ કેડે તો ગુણ દશગણો, માં,વાચા, કર્મે કરી;
અવગુણ કેડે જે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી.” – ગાંધીજીને સ્પર્શી ગયેલો છપ્પો કયા કવિનો છે?
(અ) શામળ (બ) અખો (ક) પ્રેમાનંદ (ડ) પ્રિતમદાસ
૩૦. ગાંધીજીએ સભ્યતા કેળવવા વિલાયતમાં કયા સ્ટોરમાં કપડા શિવડાવ્યા ?
(અ) બોમ્બે માર્કેટ (બ) બોન્ડ સ્ટ્રીટ (ક) આર્મી ને નેવી (ડ) લંડન શોપ
૩૧. પોર્ટસ્મથમાં અન્નાહારીઓનું સંમેલન ક્યારે ભરાયું હતું, જેમાં ગાંધીજીએ ભાગ લીધો હતો ?
(અ) ઈ.સ.૧૮૮૯ (બ) ઈ.સ. ૧૮૯૧ (ક) ઈ.સ.૧૮૮૮ (ડ) ઈ.સ. ૧૮૯૦
૩૨. વિલાયતમાં ગાંધીજીએ કયા લેખકનો ગીતાનો અંગ્રેજી અનુવાદ વાંચ્યો હતો ?
(અ) સર એડવિન આર્નલડ (બ) મેથ્યુ આર્નોલ્ડ (ક) મેડમ બ્લેવેટસ્કી (ડ) મિસિસ બેસંટ
૩૩. મોહનદાસ ગાંધીએ બેરિસ્ટરની પદવી ક્યારે મેળવી હતી ?
(અ) ઈ.સ.૧૮૮૯ (બ) ઈ.સ. ૧૮૯૧ (ક) ઈ.સ.૧૮૮૮ (ડ) ઈ.સ. ૧૮૯૦
૩૪. મોહનદાસ ગાંધીને સૌથી પહેલો કેસ કેટલા રૂપિયાનો મળ્યો હતો ?
(અ) ૫૦ (બ) ૮૦ (ક) ૩૦ (ડ) ૪૦
૩૫. મમીબાઈનો કેસ લડવા ગાંધીજી કઈ કોર્ટમાં દાખલ થયા હતા ?
(અ) બોમ્બે હાઇકોર્ટ (બ) બોમ્બે વડી અદાલત (ક) સ્મોલકોઝ (ડ) સુપ્રિમકોર્ટ
૩૬. મોહનદાસ ગાંધી કોનો કેસ લડવા માટે દક્ષિણ આફ્રિકા ગયા હતાં ?
(અ) તૈયબજી શેઠ (બ) પારસી રૂસ્તમજી (ક) મહમદ હાજી શેઠ (ડ) દાદા અબદુલ્લા શેઠ
૩૭. નાતાલના બંદર તરીકે કયા શહેરને ઓળખવામાં આવે છે ?
(અ) ડરબન (બ) જોહાનિસબર્ગ (ક) ચાર્લ્સટાઉન (ડ) પ્રિટોરિયા
૩૮. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને કયા રેલવેસ્ટેશને ધક્કો મારીને ઉતારી મૂકવામાં આવ્યા ?
(અ) પ્રિટોરિયા (બ) જોહાનિસબર્ગ (ક) ચાર્લ્સટાઉન (ડ) મેરિત્સબર્ગ
૩૯. નાતાલની રાજધાની તરીકે કયા શહેરને ઓળખવામાં આવે છે ?
(અ) મેરિત્સબર્ગ (બ) જોહાનિસબર્ગ (ક) પ્રિટોરિયા (ડ) ડરબન
૪૦.દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓને કયા નામે ઓળખવામાં આવતા હતાં ?
(અ) કુલી (બ) ગિરમીટિયા (ક) સામી (ડ) ઉપરોક્ત તમામ
૪૧. હિંદીઓ માટે ત્રણ પાઉન્ડનો કર ક્યારે લાગુ કરવામાં આવ્યો ?
(અ) ઈ.સ.૧૮૮૯ (બ) ઈ.સ. ૧૮૯૧ (ક) ઈ.સ.૧૮૮૬ (ડ) ઈ.સ. ૧૮૯૦
૪૨. નાતાલ ઇન્ડિયન કોંગેસની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
(અ) ઈ.સ.૧૮૮૯ (બ) ઈ.સ. ૧૮૯૪ (ક) ઈ.સ.૧૮૯૩ (ડ) ઈ.સ. ૧૮૯૦
૪૩. ‘ઇન્ડિયન ઓપિનિયન’ ની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી ?
(અ) ઈ.સ.૧૯૦૪ (બ) ઈ.સ. ૧૮૯૪ (ક) ઈ.સ.૧૮૦૪ (ડ) ઈ.સ. ૧૮૯૦
૪૪. ગાંધીજીને “સર્વોદય” ની પ્રેરણા કયા પુસ્તકમાંથી મળી હતી ?
(અ) વોલ્ડન (બ) અન- ટુ - ધીસ લાસ્ટ (ક) બાઈબલ (ડ) ગીતા
૪૫. ગાંધીજીને પ્રથમ જેલનો અનુભવ કઈ સાલમાં થયો હતો ?
(અ) ઈ.સ.૧૯૦૮ (બ) ઈ.સ. ૧૯૦૭ (ક) ઈ.સ.૧૯૦૯ (ડ) ઈ.સ.૧૯૧૦
૪૬. ફિનિક્સ આશ્રમની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
(અ) ઈ.સ.૧૯૦૮ (બ) ઈ.સ. ૧૯૦૭ (ક) ઈ.સ.૧૯૦૪ (ડ) ઈ.સ.૧૯૧૦
૪૭. ટોલ્સટોય ફાર્મની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
(અ) ઈ.સ.૧૯૦૮ (બ) ઈ.સ. ૧૯૦૭ (ક) ઈ.સ.૧૯૦૪ (ડ) ઈ.સ.૧૯૧૦
૪૮. ટોલ્સટોય ફાર્મમાં વસવાટ દરમિયાન ગાંધીજીએ શાનો ત્યાગ કર્યો ?
(અ) ખોરાક (બ) દૂધ (ક) વસ્ત્રનો (ડ) ખાદીનો
૪૯. કયા આશ્રમમાં ગાંધીજીએ આજીવન બ્રહ્મચર્યનું વ્રત લીધું હતું ?
(અ) સત્યાગ્રહ આશ્રમ (બ) ફિનિકસ આશ્રમ (ક) વર્ધા આશ્રમ (ડ) ટોલ્સટોય ફાર્મ
૫૦. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત દેશમાં ક્યારે પરત આવ્યા ?
(અ) ઈ.સ.૧૯૧૪ (બ) ઈ.સ.૧૯૧૩ (ક) ઈ.સ.૧૯૧૫ (ડ) ઈ.સ.૧૯૧૦